જળસંપતિ વિભાગના બાંધકામોમાં સિમેન્ટ કોંક્રીટનો જથ્થો વધુ હોય તેવા કામોમાં અધ્યતન કોંક્રીટ બેચીંગ પ્લાન્ટ (રીડીમીક્સ કોંક્રીટ) નો ઉપયોગ ફરજીયાત કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય,ગાંધીનગર
હુકમ ક્રમાંક એમ.આઇ.એસ/૧૦૨૦૧૦/૧૭/(૨)(ક-૧)
તા. ૨૬ /૧૧/૨૦13

**આમુખ :-**

જળસંપતિ વિભાગ દ્વારા હાથ ધરાતા બાંધકામોમાં સિમેન્ટ કોંક્રીટના કામો પરંપરાગત મીક્ષર વડે કરાતા હોવાનું ધ્યાને આવેલ છે. જેના કારણે કોંક્રીટ કામની ગુણવત્તામાં અસર જોવા મળે છે. સિમેન્ટ કોંક્રીટનો જથ્થો વધુ હોય તેવા કામોમાં પરંપરાગત મીક્ષર ન વાપરતાં અધ્યતન કોંક્રીટ બેચીંગ પ્લાન્ટ (રેડીમીક્સ કોંક્રીટ) નો ઉપયોગ કરવાની બાબત વિભાગની વિચારણા હેઠળ હતી.

આદેશ :-

જળ સંપત્તિ વિભાગના અંદાજીત કિંમત રૂ.૧૦ કરોડ થી વધુ પરંતુ રૂ. ૫૦.૦૦ કરોડથી ઓછી રકમના તમામ કામો (Amount put to tender) માટે ન્યુનતમ ૧૫ ઘ.મી/કલાકની કેપેસીટી વાળો ઓછામાં ઓછો ૧ (એક) કોંક્રીટ બેચીંગ મીક્ષીંગ પ્લાન્ટ અથવા રેડીમીક્ષ કોંક્રીટ વાપરવાની જોગવાઇ કરવાની રહેશે. તથા ડેમ/ બેરેજ/ પુલ કે જેમાં કોંક્રીટ કામનો જથ્થો વધારે હોય તેવા રૂ. ૫૦ કરોડથી વધુ રકમના કામો માટે ૧૦૦ ઘ.મી./ કલાક કેપેસીટીના કોંક્રીટ બેચીંગ મીક્ષીંગ પ્લાન્ટ અથવા રેડીમીક્ષ કોંક્રીટ વાપરવાની જોગવાઇ કરવાની રહેશે... આ સૂચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.પી.રાવલ)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો)
ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
ગાંધીનગર

પ્રતિ,

સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય,ગાંધીનગર
૨ ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ ગાંધીનગર
3. સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ,સચિવાલય, ગાંધીનગર
૪ સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
૫ સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક)
૬. સર્વે પ્રોજેક્ટ શાખા ( ક-૧, ક-૨ , ક-3, જ,એમઆઇસેલ,ક-૭)
૭. સીલેકટ ફાઇલ